# માહિતી (મેળવવાના) અધિકાર અધિનિયમ-૨૦૦૫

## પ્રકરણ-૨

## સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો

# પ્રકરણ - ૨ (નિયમ સંગ્રહ-૧)
# સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો

વિભાગ : વહીવટી

2.1 જાહેર તંત્ર ઉદ્દેશ / હેતુ

- રાજ્યના ખેડૂતોને ખેતી વિષયક સાધનસામગ્રી (જેવા કે, ખાતર, જંતુનાશક દવાઓ, પ્રવાહી જૈવીક ખાતર વગેરે) તેમજ સેવાઓ વ્યાજબી દરે પૂરતા પ્રમાણમાં સારી ગુણવત્તાવાળા અને સમયસર મળી રહે તેવી વ્યવસ્થા કરવી.
- આંતરરાષ્ટ્રીય ગુણવત્તા મુજબના કૃષિ પેદાશો અને તેની મૂલ્યવર્ધિત પેદાશોનાં ઉત્પાદનને પ્રોત્સાહિત કરવાં.
- કૃષિલક્ષી આંતરમાળખાકીય સુવિધાઓ અને સ્થાપનાને પ્રોત્સાહન આપવું.
- રાજ્યની કૃષિ પેદાશના નિકાસને વેગ મળે તે માટે કામગીરી કરવી.
- ખેતી અંગેની અનિશ્ચિત અને વિપરીત પરિસ્થિતિ સામે ટકી રહેવા માટે સુધારેલા ખેત ઓજારો, સુધારેલી ટેક્નોલૉજી, પાક પસંદગી અને પાક વ્યવસ્થા અપનાવવા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા.
- ગ્રામ્ય વિસ્તારમાં સારી ગુણવત્તાવાળા અને ઓછી કિંમતના બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા.
- "કૉન્ટ્રાક્ટ ફાર્મિંગ" ને સગવડતા (facilitate) આપી ખેડૂત અને કૃષિ ઉદ્યોગ વચ્ચે સીધા કરાર થાય તેવા પ્રયત્નો કરવાં. જેથી ખેડૂતને તેની પેદાશોનું સારું વળતર મળે અને સુનિશ્ચિત કૃષિ પેદાશનો પુરવઠો મળી રહે.

2.2 જાહેર તંત્રનું મિશન / દુરંદેશીપણું (વિઝન)

✓ નવી વૈશ્વિક કૃષિ પરિસ્થિતિમાં માંગ આધારિત પેદાશોનું ઉત્પાદન અને કૃષિ પેદાશ પર આધારિત ઉદ્યોગોનાં વિકાસને વેગ આપવો.

✓ સંકલિત અભિગમ દ્વારા રાજ્યને સ્પર્ધાત્મક ફાયદો મળી શકે તેવા પાકોની ઉત્પાદકતામાં સાતત્યપૂર્ણ વધારો કરવો.

✓ મૂલ્ય વૃદ્ધિને પ્રોત્સાહન આપી ખેડૂતોનાં વળતરમાં વધારો કરવો.

કૃષિ ક્ષેત્રે બેક્વર્ડ અને ફોરવર્ડ લીંકેજીસ સ્થાપી ખેત પેદાશની બગાડમાં ઘટાડો, ખેડૂતની આવકમાં વધારો અને આંતરરાષ્ટ્રીય બજારમાં રાજ્યનું સ્થાન પ્રસ્થાપિત કરવું.

2.3 જાહેર તંત્રનું મિશન / દુરંદેશીપણું (વિઝન)

- ✓ નવી વૈશ્વિક કૃષિ પરિસ્થિતિમાં માંગ આધારિત પેદાશોનું ઉત્પાદન અને કૃષિ પેદાશ પર આધારિત ઉદ્યોગોનાં વિકાસને વેગ આપવો.
- ✓ સંકલિત અભિગમ દ્વારા રાજ્યને સ્પર્ધાત્મક ફાયદો મળી શકે તેવા પાકોની ઉત્પાદકતામાં સાતત્યપૂર્ણ વધારો કરવો.
- ✓ મૂલ્ય વૃદ્ધિને પ્રોત્સાહન આપી ખેડૂતોનાં વળતરમાં વધારો કરવો.
- ✓ કૃષિ ક્ષેત્રે બેક્વર્ડ અને ફોરવર્ડ લીંકેજીસ સ્થાપી ખેત પેદાશની બગાડમાં ઘટાડો, ખેડૂતની આવક્માં વધારો અને આંતરરાષ્ટ્રીય બજારમાં રાજ્યનું સ્થાન પ્રસ્થાપિત કરવું.

2.4 જાહેર તંત્રનો ટૂંકો ઈતિહાસ અને તેની રચનાનો સંદર્ભ

રાષ્ટ્રીય કૃષિ પંચની ભલામણ અનુસાર ગુજરાત ખેત ઉદ્યોગ નિગમની સ્થાપના કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સંયુકત ઉપક્રમે કંપની ધારા ૧૯૫૬ની જોગવાઈ હેઠળ ૧૯૬૯-૭૦ (તા.૦૯-૦૫-૧૯૬૯)ના વર્ષમાં ગુજરાત રાજ્યમાં ખેતીવિષયક પ્રવૃત્તિ અને ખેત ઉદ્યોગના વિકાસ માટે તથા રાજ્યના ખેડૂતોને તેમના ઉત્પાદનના વ્યાજબી ભાવ મળી રહે તે હેતુથી કરવામાં આવેલ.

નિગમ કૃષિ વિષયક પ્રવૃત્તિઓને રક્ષણ પૂરું પાડવા તથા ખેતી તેમજ ખેત ઉદ્યોગ ક્ષેત્રના વિકાસ કરવામાં પ્રવૃત્ત છે. ગુજરાત રાજ્યના કૃષિ અને કૃષિ ઉદ્યોગ વિકાસમાં તેની ભૂમિકા ઘણી નોંધપાત્ર રહી છે. એક સ્થળે બધી સેવાના ખ્યાલ મારફત ખેડૂતોને ઘર - આંગણે કૃષિ વિષયક ઉપયોગી / વસ્તુઓના વેચાણ અને સેવા અર્થે વિવિધ પ્રકારની સેવા પૂરી પાડે છે. નિગમ રાજ્યના ખેડૂતોને જંતુનાશક દવાઓ, ખેતઓજારો, રાસાયણિક ખાતરો, વગેરે પૂરા પાડવાની કામગીરી કરે છે.

નિગમે તેની સ્થાપનાથી આજ દિન સુધી હંમેશા સમયની માંગને અનુસરીને તેની પ્રવૃત્તિમાં જરૂરી પરિવર્તન કર્યા છે અને આમ એક જીવંતતંત્રનો દાખલો પૂરો પાડયો છે. બહુરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય ખાનગી ક્ષેત્રની કંપનીઓ જ્યારે ખેડૂતો પાસે જંતુનાશકોના ઊંચા ભાવ લેતી હતી ત્યારે નિગમે રાજ્યમાં બે ફોર્મ્યુલેશન યુનિટની સ્થાપના કરી એ ક્ષેત્રમાં ઝંપલાવ્યું અને ખેડૂતોના મોંઢે નિગમના જંતુનાશકોનું નામ ગાજતું થઈ ગયું. ખેત પેદાશોની મૂલ્ય વૃદ્ધિના પ્રોજેક્ટમાં ઊંચું જોખમ હોઈ ખાનગી

ક્ષેત્ર નિરૂત્સાહી હતું. નિગમે કેરીનો રસ, ટામેટો કેચઅપ, બ્રાઈનમાં શાકભાજી વગેરે વિવિધ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ માટે બે યુનિટની સ્થાપના કરી આ ક્ષેત્રે આગેવાની પૂરી પાડી. ગુજરાતમાં એરંડાનું ઊંચું ઉત્પાદન હોઈ માસિક ૩૦૦ ટનનું ઉત્પાદન ક્ષમતાવાળુ તેલીબીયા પીલવાનું એકમ સ્થાપ્યું. જેમાં દીવેલ અને રાયડાના તેલનું ઉત્પાદન થતું. આ ઉપરાંત સોલવન્ટ એક્સ્ટ્રેક્સન એકમ, સત્તુ બનાવવાનું એકમ તથા કોલ્ડ સ્ટોરેજ સ્થાપ્યા. આમ ખાનગી ક્ષેત્રની સ્પર્ધામાં રહી નિગમે ખેડૂત અને કૃષિક્ષેત્રના વિકાસમાં મહત્વનો ભાગ ભજવ્યો. ઉદારીકરણ અને વૈશ્વિકરણના પગલે જાહેરતંત્રે ધીમે ધીમે ઉત્પાદન પ્રવૃત્તિમાંથી રોકાણ ઓછું કરવું, એ નીતિને અનુસરીને ધીમે ધીમે નિગમે તેની ભૂમિકા ઉત્પાદકમાંથી ઉદ્દીપક તરફ વાળવા માડી. આજે નિગમનું એક ફોર્મ્યુલેશન યુનિટ અને પ્રવાહી જૈવીક ખાતર યુનિટ કાર્યશીલ છે. સાથે સાથે સ્વૈચ્છિક નિવૃત્તિની યોજનાનો અમલ કરી કર્મચારીઓની સંખ્યામાં અને નાણાંકીય બોજમાં પણ ધરખમ ઘટાડો કર્યો.

સને ૧૯૬૯-૭૦ ની વર્ષમાં માત્ર રૂ.૩૧ લાખની નાની રકમના વેચાણોથી ગુજરાત ખેત ઉદ્યોગ નિગમે શરૂઆત કરી હતી અને સને ૨૦૧૭-૧૮ માં તેના વેચાણો રૂ. ૪૦૫ કરોડ સુધી પહોંચેલ છે.

## 2.5 જાહેર તંત્રની ફરજો

1) ખેડૂતને ઘરઆંગણે સારી ગુણવત્તાવાળી જંતુનાશક દવાઓ તથા પ્રવાહી જૈવીક ખાતર વ્યાજબી ભાવે મળી રહે તે માટેની વ્યવસ્થા કરવી.
2) ખેડૂતને પૂરતા પ્રમાણમાં ખાતર મળી રહે તે માટે વ્યવસ્થા કરવી.
3) કૃષિ પેદાશમાં મૂલ્ય વૃદ્ધિ માટેના પ્રોજેકટોની સ્થાપના માટે ઉદ્દીપકની ભૂમિકા ભજવવી.
4) ખેતપેદાશના બગાડને અટકાવવા તથા તેની નિકાસને વેગ આપવા આંતરમાળખાકીય સુવિધાઓના પ્રોજેક્ટને વેગ આપવો.
5) નિગમ દ્વારા વિવિધ પ્રદર્શનો, સેમીનાર વગેરેનું આયોજન કરી તથા અન્યોએ આયોજીત કરેલા કાર્યક્રમોમાં સક્રિય ભાગ લઈ રાજ્યોમાં રહેલી કૃષિ ઉદ્યોગની તકો વિષે રાજ્ય, રાષ્ટ્ર તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ માહિતી પૂરી પાડવી.

2.6 જાહેર તંત્રની મુખ્ય પ્રવૃત્તિઓ / કાર્યો

નિગમની પ્રવૃત્તિઓ મુખ્યત્વે બે વિભાગમાં વહેંચી શકાય.

(૧) ખેડૂતલક્ષી પ્રવૃત્તિઓ

(૨) ખેત ઉદ્યોગ વિકાસની પ્રવૃત્તિઓ

ખેડૂતલક્ષી પ્રવૃત્તિઓ નિગમનું ખેત સેવા અને રસાયણ વિભાગ સંભાળે છે. જુદી જુદી પ્રવૃત્તિઓ નિગમના જિલ્લા કક્ષાના ૧૮ ખેત સેવા કેન્દ્રો દ્વારા હાથ ધરવામાં આવે છે. જેની નીચે ૧૦૦૦ થી વધુ એગ્રી બિઝનેશ સેન્ટરનું સુદૃઢ માળખું ગ્રામ્ય સ્તર સુધીનું છે.

ખેત ઉદ્યોગ વિકાસની પ્રવૃત્તિઓ માર્કેટિંગ અને પ્રોજેક્ટસ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે. જ્યારે વહીવટી, સેક્રેટરીયલ તથા નાણાં વિભાગ આ બધી પ્રવૃત્તિઓને આધાર પૂરો પાડે છે.

વિવિધ પ્રવૃત્તિઓની માહિતી નીચે મુજબ છે.

(અ) ખેત સેવા અને રસાયણ વિભાગ :

૧) ખાતર :

GSFC, GNFC, IPL, RCF, ચંબલ ફર્ટિલાઈઝર્સ કંપની લિ. તથા નિરમા વગેરે નામાંકિત કંપનીની બનાવટો યુરિયા, ડીએપી, એએસપી, એએસ, કેન, નર્મદાફોસ, એમઓપી, એસએસપી વગેરે રાસાયણિક ખાતરો દરેક સીઝનમાં સમયસર પુરતા પ્રમાણમાં ખેડૂતોને મળી રહે તે રીતે વિતરણ કરવાની કામગીરી કરવામાં આવે છે. નિગમના ઉપરોક્ત જણાવેલ એગ્રો સર્વિસ સેન્ટરો અને એગ્રી બિઝનેશ સેન્ટરો દ્વારા આનું વિતરણ કરવામાં આવે છે. આ વિશેના પરિપત્રોની માહિતી (AS&C-3) પર છે.

૨) જંતુનાશક દવાઓનું ફોર્મ્યુલેશન અને વેચાણ :

ખેડૂતોના પાક્નું વિવિધ જીવાતો / રોગોને કારણે નુકસાન થતું અટકે તે માટે નિગમ દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળી નીચે મુજબની જંતુનાશક દવાઓનું ઉત્પાદન કરી વ્યાજબી ભાવે મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે. એગ્રોફેન, એગ્રોસાયપર, એગ્રોમોનાર્ક, પ્રોફેનોફોસ, એગ્રોમેન્કો, એગ્રોમાલા,એગ્રોફોરેટ, એગ્રોફેટ, એગ્રોપારા, એગ્રોફોસ, એગ્રોકવીન, એગ્રોઝીમ. એગ્રોફેન ડસ્ટ, એસીટામાપ્રીડ, એગ્રોમીડા, એગ્રોપેન્ડી, એગ્રોટેપ નિગમના ગોંડલ ખાતેના ફોર્મ્યુલેશન યુનિટમાં આ દવાઓનું ઉત્પાદન થાય છે.

૨) જંતુનાશક દવાઓનું ફોર્મ્યુલેશન અને વેચાણ :

ખેડૂતોના પાક્નું વિવિધ જીવાતો / રોગોને કારણે નુકસાન થતું અટકે તે માટે નિગમ દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળી નીચે મુજબની જંતુનાશક દવાઓનું ઉત્પાદન કરી વ્યાજબી ભાવે મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે. એગ્રોફેન, એગ્રોસાયપર, એગ્રોમોનાર્ક, પ્રોફેનોફોસ,એગ્રોમેન્કો, એગ્રોમાલા,એગ્રોફોરેટ, એગ્રોફેટ, એગ્રોપારા, એગ્રોફોસ, એગ્રોકવીન, એગ્રોઝીમ. એગ્રોફેન ડસ્ટ, એસીટામાપ્રીડ, એગ્રોમીડા, એગ્રોપેન્ડી, એગ્રોટેપ નિગમના ગોંડલ ખાતેના ફોર્મ્યુલેશન યુનિટમાં આ દવાઓનું ઉત્પાદન થાય છે.

૩ ૩) પ્રવાહી જૈવીક ખાતર :

ખેડુતો ને રાસાયણીક ખાતર માં થતો વધારા નો ખર્ચ ઘટાડવા માટે નિગમ દ્વારા પ્રવાહી જૈવીક ખાતર નુ ઉત્પાદન નરોડા યુનીટ અમદાવાદ ખાતે શરૂ કરવામાં આવેલ છે.

નિગમ દ્વારા જુદા જુદા પ્રવાહી જૈવીક ખાતર જેવા કે અઝોટોબેક્ટર, રાઈઝોબિયમ, પી.એસ.બી. અને અઝોસ્પીરીલમ નું ઉત્પાદન કરે છે. NDR બેક્ટેરીયા જી ઉત્પાદન માટે AAU સાથે કરાર તા.૩૦-૦૪-૧૫ના રોજ કરવાના છે. ખેડૂતોને નિગમ દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળી વ્યાજબી ભાવે પ્રવાહી જૈવીક ખાતર મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

૪) સુધારેલ ખેત ઓજારો :

બળદથી ચાલતા સાધનો, ટ્રેકટર / પાવરટીલરથી ચાલતા સુધારેલ ખેત ઓજારો, ઓઈલ એન્જીન, સરકારશ્રી દ્વારા વખતોવખત જાહેર કરવામાં આવતી યોજના હેઠળ માંગણી મુજબ ઈ-ટેન્ડર પ્રક્રીયાથી ખરીદ કરી પૂરી પાડવાની વિતરણની કામગીરી કરવામાં આવે છે.

(બ) માર્કેટિંગ અને પ્રોજેક્ટ વિભાગ :

(૧) સર્વેગ્રાહી કૃષિ વ્યવસાય નિતી-(૨૦૧૬-૨૧) ના અમલીકરણ માટેની નોડલ એજન્સી :

કૃષિ ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત પાસે વણખેડાયેલો વિશાળ અવકાશ છે. રાજ્ય પાસે દેશની કેટલીક ખેત પેદાશો તથા બાગાયતી પેદાશોમાં ઘણી ઉચ્ચ્ કક્ષાનું ઉત્પાદન અને ઉત્પાદન ક્ષમતા છે. રાજ્યની ઔદ્યોગિક નીતી ૨૦૧૬-૨૧ માં કૃષિ અને ફુડ પ્રોસેસીંગ એકમોના વિકાસ પામતા ઉદ્યોગો પૈકીના એક ક્ષેત્ર તરીકે નિરૂપવામાં આવ્યુ છે.

કૃષિ ધારિત ઉદ્યોગોનો વિકાસ વેગવાન બને તે માટે સમગ્ર ક્ષેત્રમાં બદલાવની ગુણક અસર અને વેગ લાવવા માટે પૂરવઠા સાંકળના માળખામાં પરિવર્તન કરવાની સરકારની નેમ છે.

ગુજરાત સરકારે સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતી (૨૦૧૬-૨૧) તા.૦૭/૦૫/૨૦૧૬ ના ઠરાવથી જાહેર કરી છે. જેથી કૃષિ ઉત્પાદનમાં મુલ્યવૃદ્ધિ માટે તથા કૃષિ અને ખાદ્ય પ્રક્રિયાના ઉદ્યોગ ક્ષેત્રોમાં મુડી રોકાણને સુગમતા રહે જેના થકી ખેડુતોની આવકમાં વધારો થાય, ગ્રામ્ય ક્ષેત્રોમાં રોજગારીની વધુ તકો ઉભી થાય અને ગ્રાહકોને ગુણવતાસભર ચીડો મળી રહે. રાજ્યમાં એકંદરે વિકાસમાં કેથી તથા ખાદ્ય પ્રક્રિયા આધારિત એકમોનું મહત્વ અને રાજયના વિકાસદરમાં યોગદાન ધ્યાને લેતાં, કૃષિ ઉદ્યોગ નીતી માટે ફાળવાયેલ સંસાધનો અંગે પુનઃ વિચારણા કરવાનું જરૂરી લાગ્યુ છે કે જેથી કૃષિ ઉદ્યો નીતીને વધુ આકર્ષક અને ખેડુતો તથા ઉદ્યોગ સાહસિકો માટે હિતવર્ધક બનાવી શકાય. તદનુસાર ખેતી અને તેને લગતા ઉદ્યોગો માટે ગુજરાતમાં સરળતા રહે તેવા લાંબાગાળાના આયોજન ધરાવતી સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતી(૨૦૧૬-૨૧) તા.૦૭/૦૫/૨૦૧૬ ના ઠરાવથી વર્ષ ૨૦૧૬-૧૭ થી અમલવારી કરેલ હતી. સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતી (૨૦૧૬-૨૧) ના અમલીકરણ માટે ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ નોડલ એજન્સી તરીકે કામગીરી કરી રહેલ છે. સહાયની વિગતો એમ એન્ડ પી બિડાણ-૧ સામેલ છે.

(૨) અમદાવાદના મુ.-નરોડા ખાતે ઈન્ટીગ્રેટેડ પેક હાઉસ ફોર ફુટ એન્ડ વેજીટેબલ, ફળફળાદી અને કેરી તેમજ શાકભાજીને ગરમ પાણીમાં સફાઈ કરી તેને ગુણવત્તા પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવે છે. જેથી ઉત્પાદનને કીટકથી મુક્ત કર્યાથી ઉત્પાદનને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નિકાસ કર્યાથી ખેડુતોને આવક વધુ મળે છે.

(૩) અમદાવાદના આંતરરાષ્ટ્રીય વિમાની મથક (એર કાર્ગો કોમ્પ્લેક્ષ) ઉપર (સેન્ટર ફોર પેરીશેબલ કાર્ગો) ઉપર (સેન્ટર ફોર પેરીશેબલ કાર્ગો) ફળફળાદી, શાકભાજી અને ફુલો વિગેરે ખુબ ઓછા સમયમાં બગડી જતી ખેત પેદાશોને સંગ્રહ કરી અને આ ખેત પેદાશોની નિકાસ કરી શકાય તે માટે એર કાર્ગો કોમ્પલેક્ષ બનાવેલ છે.

(૪) ભરૂચ ના મુ. અછલીયા ખાતેનો બનાના પેક હાઉસ આ પેક હાઉસ બનાવેલ છે. જેમાં કેળાનો સંગ્રહ લાંબા સમય સુધી કરી શકાય છે. જેથી ખેડુતોને પોષણક્ષમ ભાવ મળી શકે છે.

(૫) સુકવણી કરેલ ડુંગળી માટેનું કોલ્ડ સ્ટોરેજ એ.પી.એમ.સી. મુ.- મુહવા ખાતે બનાવેલ છે. જેમાં સુકવણી કરેલ ડુંગળીને કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહ લાંબા સમય સુધી કરી શકાય છે. જેને કારણે ખેડુતોને પોષણક્ષમ ભાવ મળી શકે છે.

(૬) ગુજરાત એગ્રો રેડીયેશન પ્રોસેસીંગ ફેસીલીટી (GARPF)

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લીમીટેડ દ્વારા બાવળા, જીલ્લો-અમદાવાદ ખાતે એગ્રો અને પ્રોસેસ્ડ ફુડ પ્રોડક્ટસનાં ઈરીડીયેશન માટે ગુજરાતની સૌપ્રથમ અને દેશની બીજી બહુહેતુક વૈવિધ્યપૂર્ણ રેડીયેશન પ્રોસેસીંગ સુવિધાની સ્થાપના કરેલ છે. જેમાં મુકેલ કોઈપણ જણશની આવરદા વધી શકે છે. જેને નિકાસ કરવું વધારે સરળ રહે છે.

(૭) મુ. ડીસા ખાતે પોટેટો કોલ્ડ સ્ટોરેજ

પોટેટો કોલ્ડ સ્ટોરેજ મુ. ડીસા, જી.-બનાસકાંઠા ખાતે બટાટાનો કોલ્ડ સ્ટોરેજ બનાવેલ છે. જેમાં બટાટાના વિપુલ જથ્થાને લાંબા સમય સુધી સંગહ કરી શકાય છે.

(૮) સુરતના મુ. કોસંબા ખાતે રાઈસ ફ્લેક્ષ (પૌઆ મિલ)

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, મુ.-કોસંબા ખાતે પૌઆનો પ્લાન્ટ બનેવાલ છે. જેમાં સારી ગુણવત્તાના પૌંઆનું ઉત્પાદન કરવામાં આવે છે.

(૪) પ્રદર્શનો, સેમીનારનું આયોજન :

ખેડૂતો અને ખેત ઉદ્યોગ સાહસિકોને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની માહિતી પૂરી પાડવા નિગમ પ્રદર્શનમાં ભાગ લે છે. ખેત ઉદ્યોગ વિકાસ સાથે સંકળાયેલા વિવિધ લોકો જેવા કે, ખેડૂતો, ખેત ઉદ્યોગ સાહસિકો, નિકાસકરો, સરકારી અમલદારો, સંશોધનકરો, નાણાંકીય સંસ્થાઓ, વ્યાપારી સંગઠનો વગેરેને એક મંચ પર લાવી વિચારવિમર્શ કરવા સેમીનારનું આયોજન કરે છે.

(૫) એમ.ઓ.યુ. :
રાજ્ય સરકાર દ્વારા યોજાતા વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટમાં ખેત ઉદ્યોગ અને ફૂડ પ્રોસેસીંગ સેકટરના વિવિધ પ્રોજેકટો માટે નિગમે MOU કરાર કરેલ છે. જેના અમલીકરણ માટે જરૂરી પગલાં લે છે અને ખાનગી ક્ષેત્રને મદદ પૂરી પાડે છે.

(ક) વહિવટી વિભાગ :

વહીવટી વિભાગની કચેરીની સારસંભાળ/રખરખાવ, કર્મચારીઓની રજાઓ, ભથ્થાંઓ, પેશગી તથા મહેકમને લગતી કામગીરી, કર્મચારીઓની વ્યક્તિગત/અંગત બાબતો, શ્રમિક કાયદાને લગતી બાબતો, તકેદારી, ખાતાકીય તપાસ તથા "વર્તણૂક, શિસ્ત અને અપીલના નિયમો-૧૯૮૮" અને નિયંત્રણને લગતી બાબતો સંભાળે છે.

(ડ) નાણાં વિભાગ :

નિગમનો નાણાં વિભાગ નીચે મુજબના કાર્યો કરે છે.

- રોકડ નાણાંની ચૂકવણી/વિભાગી કચેરીએ માન્ય કરેલ બેન્કનું રોજબરોજનું કાર્ય
- યુનિયન બેન્ક ઑફ ઈન્ડિયા, એલિસબ્રીજ શાખા સાથે રોજબરોજનું સંકલન કરે છે.
- રાહત પ્રવાસ/મુસાફરી ભથ્થાની કેન્દ્રીય ચકાસણી તથા ચૂકવણીનું કાર્ય કરે છે.

  દરેક વિભાગના પગાર / ઠેકેદાર / ભાડું /સલાહકારના ટેક્ષ કાપી એક્ત્રિત કરી આવક્વેરા ખાતાને ચૂક્વણી કરે છે. તેમજ વાર્ષિક નિયત પત્રક તૈયાર કરે છે.

- અમદાવાદની મુખ્ય કચેરીએથી કર્મચારીઓના ભવિષ્યનિધિના નાણાં એકત્ર કરી દર માસે કામદાર ભવિષ્યનિધિ કચેરીમાં જમા કરાવવામાં આવે છે તથા તે અંગેના વાર્ષિક નિયત પત્રકો ભરી કામદાર ભવિષ્યનિધિ કચેરીમાં રજૂ કરે છે. તેવી જ રીતે કામદાર ભવિષ્યનિધિ કચેરીમાંથી જમા થયેલ રકમમાંથી લોન મેળવવા અંગેના દાવાને કામદાર ભવિષ્યનિધિ કચેરીમાં રજૂ કરે છે.
- નિગમની મુખ્ય કચેરી અને તેના તમામ એકમના પગાર બનાવવાનું કાર્ય કરે છે. તેમજ કર્મચારીઓના રેકર્ડની જાળવણી કરે છે.
- નિગમમાં કામ કરતા તમામ કર્મચારીઓના મકાન બાંધકામ પેશગી અને વાહન પેશગી અંગેના ખાતાંઓની જાળવણી કરે છે, ઑર્ડર પ્રમાણે લોન ખર્ચી માસિક હપ્તા એક્ત્રિત કરી તેમજ તેના વ્યાજની ગણતરીનું કાર્ય કરે છે.
- દરેક એકમના આંતરિક હિસાબનીશની નિયુકિત અને સંક્લન કરે છે. તેમજ તેમના દ્વારા પૂછાયેલ પ્રશ્નોના ઉત્તરો અને દરેક એકમનાં રિપોર્ટના રેકર્ડની જાળવણીનું કાર્ય કરે છે.
- સરકારશ્રીના જુદા જુદા વિભાગોમાંથી આવતા પત્રોમાંથી નાણાં વિભાગને લગતા જવાબો રજૂ કરવાનું કાર્ય કરે છે.
- વાર્ષિક હિસાબો તૈયાર કરી તેને આખરી સ્વરૂપ આપવાનું કાર્ય કરે છે.
- ગુજરાત સરકારના પ્રોજેક્ટ અને નાણાં વિભાગના રીલીઝ ઑર્ડર સામે ટ્રેઝરી બીલ બનાવાનું કાર્ય કરે છે.

(ઈ) સેક્રેટરીયલ ડીવીઝન :

- આ વિભાગ ૧૯૫૬ ના કંપની એકટ પ્રમાણેની જોગવાઈઓનું પાલન કરે છે. આ વિભાગ નિયામક મંડળની બેઠક, સામાન્ય સભા, અસાધારણ સામાન્ય સભા વગેરેનું આયોજન કરી તેની કાર્યવાહી નોંધ તૈયાર કરે છે. તેમજ ઉપરોક્ત બેઠકોની કાર્યસૂચિ તૈયાર કરી તેનું સંક્લન કરે છે. કંપની રજિસ્ટ્રારની ઑફિસમાંથી ફૉર્મ અને રીટર્ન ભરવા તેમજ કનૂની પત્રકોની જાળવણીનું કાર્ય કરે છે. સભ્યોના પત્રક, સંચાલકોના પત્રક, કાર્યસૂચિની યોગ્ય જાળવણી, કાર્યનોંધ તેમજ તમામ કનૂની પત્રકો, દફતરની જાળવણીનું કાર્ય કરે છે.

- કાયદાકીય બાબતો
- ભારતની સર્વોચ્ચ અદાલતની બાબતો, દિવાની અને ફોજદારી દાવાઓ, કામદાર વર્ગની શહેરની દિવાની અદાલત તથા ઉચ્ચ અદાલતોની બાબતને આ વિભાગ સંભાળે છે. કાયદાકીય બાબતોમાં આ વિભાગ વિતરક કરાર, શેરહોલ્ડર, કરાર, લીવ એન્ડ લાયસન્સ કરાર જેવા દસ્તાવેજો તૈયાર કરવાનું કાર્ય પણ કરે છે.
- ખરીદી વિષયક
- રાજ્ય સરકારના ખરીદી નિયમ સંગ્રહ અનુસાર નિગમમાં કેન્દ્રીય ખરીદી સમિતિની રચના કરવામાં આવેલ છે. ખરીદીની અધિક્તમ મર્યાદા તથા સમિતિની ખરીદી માટેની સત્તા નક્કી કરવામાં આવેલ છે. ખરીદી માટે નાની સમિતિઓની પણ રચના કરવામાં આવેલ છે. અને દરેક સમિતિનું બંધારણ નક્કી કરવામાં આવેલ છે.
- જમીન વિષયક બાબતો
- નિગમની મિલક્તો અંગેનું દેખરેખ રાખવાનું કાર્ય આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. તેની અંતર્ગત સમાહર્તા (ક્લેકટર) સાથેના પત્રવ્યવહાર, મહેસૂલ વિભાગ સાથેના પત્રવ્યવહાર, જમીનનું વેચાણ સુરક્ષા ને દસ્તાવેજોની જાળવણી અંગેના કાર્યો કરવામાં આવે છે.
- મકાન બાંધકામ પેશગી
- નિગમના કર્મચારીઓને મકાન બાંધકામ પેશગી આપવા અંગેનું સઘળું કાર્ય આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. આ માટે મકાન બાંધકામ પેશગી સમિતિની રચના કરવામાં આવી છે.
- ગ્રેચ્યુઈટી બાબત
- નિગમનાં કર્મચારીઓની ગ્રેચ્યુઈટીને લગતી બાબતો માટે જીવન વીમા નિગમ સાથે સંક્લન કરી અલગ ટ્રસ્ટની રચના કરવામાં આવેલ છે ટ્રસ્ટની બહાલી મળ્યા પછી જે તે કર્મચારીને ગ્રેચ્યુઈટીની ચૂક્વણી કરવામાં આવે છે.

2.7 સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતી (૨૦૧૬-૨૧) હેઠળ કૃષિ અને ફુડ પ્રોસેસીંગ ઉદ્યોગોને વિવિધ સહાયની યોજનાઓ.

2.8 જાહેર તંત્રના રાજ્ય, નિયામક કચેરી, પ્રદેશ, જિલ્લો, બ્લોક વગેરે સ્તરોએ સંસ્થાગત માળખાનો આલેખ

બીડાણ **ADMN-3** અને **ADMN-૪** પર સામેલ છે.

2.9 જાહેર તંત્રની અસરકારક્તા અને કાર્યક્ષમતા વધારવા માટેની લોકો પાસેથી અપેક્ષાઓ

જાહેર તંત્રની અસરકારક્તા અને કાર્યક્ષમતા નાગરિક્ની જાગરૂક્તા પર આધારિત છે. નિગમ દ્વારા હાથ ધરાતી પ્રવૃત્તિઓ અને સહાય યોજનાઓનો મહત્તમ લાભ આમજનતા લેવા માટે આગળ આવે તો તેની અસરકારક્તા વધે. આ ઉપરાંત આમજનતા પાસે નીચે મુજબની અપેક્ષાઓ છે.

1) સહાય યોજનાઓ અંતર્ગત અરજી ફોર્મમાં માંગેલ વિગતો પૂરેપૂરી ભરવી. જેથી કાર્યવાહી ઝડપથી કરી શકાય.
2) જરૂર પડે તો સંલગ્ન અધિકારીનો સંપર્ક સાધી ફોર્મમાં ભરવાની વિગત સમજી લેવી. પણ અધુરૂ ફોર્મ ભરવું નહીં.
3) નિગમ પાસેથી વધારાની માહિતી મંગાવવામાં આવે તે ઝડપથી પૂરી પાડવી.
4) જો જે તે અધિકારી / કર્મચારી કાર્યવાહી કરવામાં ઢીલ દાખવે તો તેના ઉપરી અધિકારીનો સંપર્ક કરી ઉકેલ લાવવા પ્રયત્ન કરવો.

2.9 લોક સહયોગ મેળવવા માટેની ગોઠવણ અને પદ્ધતિઓ

1) ખેડૂતો સાથે સમયાંતરે મીટીંગો
2) ઉદ્યોગ સાહસિકો સાથે સમયાંતરે મીટીંગો
3) જિલ્લા કક્ષાએ, રાજ્ય કક્ષાએ તથા રાષ્ટ્રીય કક્ષાએ પ્રદર્શન તથા સેમીનારનું આયોજન
4) પ્રદર્શન, સેમીનાર વગેરેમાં નિગમનું પ્રતિનિધિત્વ
5) ઈ-મેઈલ, પત્ર, રૂબરૂ મુલાકાત દ્વારા

2.10 સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરિયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્ર

"નાગરિક અધિકારપત્ર" ના અમલીકરણ બાબતે જાહેર થયેલ મુખ્ય કચેરી અમદાવાદ ખાતેના નોડલ-કમ-નિયંત્રણ અધિકારીશ્રી, સંપર્ક અધિકારીશ્રી તેમજ વિભાગો માટે જાહેર થયેલ અધિકારીશ્રી, રાજ્યના જિલ્લા/તાલુકા ખાતે કાર્યરત ખેત સેવા કેન્દ્રોએ જાહેર થયેલ અધિકારીશ્રી દ્વારા. વધુ માહિતી માટે જુઓ સામેલ બીડાણ **ADMN** -૫ નાગરિક અધિકારપત્ર

મુખ્ય કચેરી અને જુદા જુદા સ્તરોએ આવેલી અન્ય કચેરીઓનાં સરનામા (વપરાશકારને સમજવામાં સરળ પડે તે માટે જિલ્લાવાર વર્ગીકરણ કરો.)

બીડાણ **ADMN**-૬ માં સામેલ છે.

3 કચેરી શરૂ થવાનો સમય : સવારે ૧૦-૩૦ ક્લાકે

કચેરી બંધ થવાનો સમય : સાંજે ૬-૧૦ ક્લાકે